Mr. Vanaraj Devayatbhai Kagada

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

મહેકમ શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

૪૪૩૯-૫૭

રજી.એડી /ઇ.મેઇલ

ક્રમાંક/મકમ.૨/મ. પ્રા. નિમણૂક/ગણિત /૨૦૨૧/

તા: ૫ /૦૫/૨૦૨૧

વંચાણે લીધા :

૧) ગુજરાત જાહેર સેવા આયોગના તા:૨૧-૦૧-૨૦૨૧ પત્ર નં. આરટીસી /૧૦૨૦૧૮/૧૯૫૨/(૦૭)-આર૪

૨) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક:-જીસીઓ / ૧૧૨૧/જીઇએન/૮૦-ખ,તા.૦૧.૦૨ .૨૦૨૧

૩) ઉમેદવારોએ અત્રે રજુ કરેલ સોગંધનામું/બાંહેધરીપત્ર/તથા ચેકલીસ્ટ,તા. ૨૬/૦૨/૨૦૨૧

## કચેરી આદેશ :

વંચાણે લીધેલ આમુખ (૧) અન્વયે ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ માં ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળની સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખાતે ગણિતશાસ્ત્ર વિષયના મદદનીશ પ્રાધ્યાપકની જગ્યા પર નિમણૂંક માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ નીચેના મદદનીશ પ્રાધ્યાપકને સાતમા પગારપંચમાં પગાર ધોરણ રૂ.૫૭,૭૦૦-૧,૮૨,૪૦૦ મુજબ અકેડેમિક પે લેવલ -૧૦ રૂ.૫૭,૭૦૦/-ના મૂળ પગારમાં સીધી ભરતી ધ્વારા તેઓ તેમની જગ્યાનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક આપવા માટે આ કચેરીના હવાલે મુકવામાં આવેલ છે. આમુખ(૨)ની તમામ શરતો તથા નીચે દશાવેલ શરતોને તેમજ આમુખ(૩)ને આધિન નીચે દર્શાવેલ ઉમેદવારોને તેમના નામ સામે જણાવેલ કોલેજ ખાતે તદ્દન હંગામી ધોરણે કામચલાઉ અજમાયશી નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | ઉમેદવારનું નામ /સરનામું | નિમણૂક માટે ફાળવેલ કોલેજ નું નામ |
|---|---|---|
| ૧ | રોહિત ગિરીશ ખંડેલવાલ<br>ઘર નં. ૨૨૧૮ , સેક્ટર-૮ , હરિયાણા | સરકારી વિજ્ઞાન કોલેજ , ચિખલી , જી નવસારી |
| ૨ | યોગેશ કનુભાઈ પટેલ<br>એ-૧૦ , નીલકંઠ સોસાયટી, સુજાતપુર રોડ , કડી, જી મહેસાણા | સરકારી વિજ્ઞાન કોલેજ, પારડી , જી વલસાડ |
| ૩ | મિતલ કમલેશભાઇ વ્યાસ<br>આત્મન બ્લોક નં ૨/બી ,આનંદ નગર , ગરબી ચોક નજીક , દિપાનજલી સોસાયટી, ટીંબાવાડી , જુનાગઢ | સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, મોરવા હડફ , જી પંચમહાલ |
| ૪ | કશ્યપ ઘનશ્યામભાઈ રાચ્છ<br>સહજ , બ્લોક-નં. ૧૨૧ , અવંતિકા પાર્ક , શીતલ પાર્ક પાસે , ૧૫૦ ફૂટ રિંગરોડ , રાજકોટ (પશ્ચિમ) | સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, હારીજ ,જી પાટણ |

| | | |
|---|---|---|
| ૫ | શિતલબેન હિતેશકુમાર જોષી<br>ચંદન વાડી પાસે, નેત્ર-માતાજીના , તા: નખત્રણા, જી . કચ્છ | એમ. પી. શાહ વિનયન અને વિજ્ઞાન કોલેજ, સુરેન્દ્રનગર |
| ૬ | વનરાજ દેવાયતભાઈ કાગડા ,<br>એ-૦૦૧, ભાદર લીગ-૨ ,સેંટ કોલોની સામે, મોતીબાગ નજીક ગિરનાર હાઇટ્સ , જુનાગઢ | સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ ,જી સુરત |
| ૭ | પરિબેન જગદીશભાઇ કુંડલીયા<br>બ્લોક નં. ૧૦૩, ગજાનન-બી એપાર્ટમેન્ટ, પેટ્રોલ પમ્પ સામે , જાજરડા રોડ , જુનાગઢ | ડી. કે. વિ વિનયન અને વિજ્ઞાન કોલેજ, જામનગર |
| ૮ | ઋષિ રમેશભાઈ કડિયા<br>કડિયા ની ખડકી ,નં.૧ શાકમાર્કેટ નજીક, કડી , મહેસાણા | સરકારી વિજ્ઞાન કોલેજ , જાલોદ , જી દાહોદ |
| ૯ | કવિતાબેન પૂંજાભાઈ રબારી<br>રબારી નેશ, , કુકસવાડા , ચોરવાડ, માળીયા, જી. જુનાગઢ | ડી. કે. વિ વિનયન અને વિજ્ઞાન કોલેજ, જામનગર |
| ૧૦ | શ્રેયશકુમાર શંકરભાઇ ચૌધરી<br>રૂપણ , નિશાળ ફળિયું , માંડવી , જી સુરત | સરકારી વિજ્ઞાન કોલેજ, આહવા, જી. ડાંગ-આહવા |

શરતો::-

1. જાહેરનામાની શરતો અને જોગવાઈને આધિન ઉપરોક્ત ઉમેદવારોને આ સમય દરમ્યાન મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાના સાતમા પગારપંચમાં પગાર ધોરણ રૂ.૫૭,૭૦૦-૧,૮૨,૪૦૦ મુજબ એકેડેમિક પે લેવલ -૧૦ રૂ.૫૭,૭૦૦/-અને તેના પર અન્ય ભથ્થાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ મળવાપાત્ર થશે. અને અજમાયશી સમયની મુદત પુરી ન થાય ત્યા સુધી તે જ પગાર મેળવશે અને કોઇ ઇજાફા મેળવવાપાત્ર થશે નહીં. અજમાયશી મુદત પૂરી થયે નિયમિત ધોરણે મદદનીશ પ્રાધ્યાપકોની જગ્યાએ નિમણુંક થયા બાદ જ સામાન્ય દરે ઇજાફા મળવાપાત્ર થશે.
2. અજમાયશી મદદનીશ પ્રાધ્યાપકોને વધુ કાર્યક્ષમ બનાવવા તેઓને તાલીમ માટે પસંદ કરેલ હોય કે પ્રતિનિયુક્તિથી તાલીમમાં મોકલવામાં આવ્યા હોય ત્યારે તેઓની સંમતિ મેળવવી અને તેમનો તાલીમ જેટલો અજમાયશી સમય લંબાવવામાં આવશે તેની જાણ કર્યા બાદ અને તેમની સંમતી મેળવીને તાલીમ જેટલો અજમાયશી સમય લંબાવવામાં આવશે.
3. અજમાયશી સમય સમાપ્ત કરવાના હુકમો કરવામાં આવે ત્યારે અજમાયશી અધિકારીએ અજમાયશી સમય દરમ્યાન ભોગવેલ રજાઓ, તાલીમમાં કે પારા (૨) મુજબ પ્રતિનિયુક્તિ પરની તાલીમના સમયગાળાનો સમય અને ફરજ પર જોડાવાના સમય જેટલો અજમાયશી સમય લંબાવવામાં આવશે.
4. આકસ્મીક રજા સિવાયની કોઇ પણ પ્રકારની રજા અજમાયશી સમય દરમ્યાન લેવામાં આવશે તો અજમાયશીની મુદત રજાની મુદત જેટલી લંબાવવામાં આવશે.
5. સરકારે નિયત કરેલ શૈક્ષણિક પ્રકારની અને અન્ય પ્રકારની જે કોઇ ફરજ સોંપવામાં આવે તે તેમણે બજાવવાની રહેશે અને તેઓ રાજ્યમાં કોઇપણ સ્થળે બદલીપાત્ર રહેશે.

Okagada Okagada